
# Fun with Family

Day-17 | 15 April, 2020



BAPS

## ‘‘ગુણસાગર પ્રમુખસ્વામી મહારાજ’’



બાળમિત્રો, અહીં જે ફોટો દેખાય છે...
તેનાથી સ્વામીશ્રીનો કયો ગુણ તમને અનુભવાય છે??...
તમારો અને ઘરના બધા સભ્યોનો અનુભવ નોંધીશું.

## "કરો વિચાર"

હવે, ઘરના બધા જ સભ્યો ગોળ કુંડાળે બેસીશું અને ચર્ચા કરી જાણીશું કે, "જો આપણને સત્સંગ ન થયો હોત તો આપણી શું પરિસ્થિતિ હોત?



- આપણા નિયમ-ધર્મ કેવા હોત?
- આપણામાં કયા દુર્ગુણો આવ્યા હોત?
- આપણા જીવનમાં કઈ કઈ મુશ્કેલીઓ હોત?

## "અરે વાહ!... ક્વીઝ"

લીંક દબાવો અને "સત્સંગ વિહાર ક્વીઝ" માં ભાગ લો.

https://bit.ly/3em65lP | Gujarati

https://bit.ly/2yiNOFe | Hindi

https://bit.ly/2K1UU3K | English

# મારો પરિવાર - સંપેલો પરિવાર

## ‘‘મમ્મીને મદદ’’



બાળમિત્રો,
આજે મમ્મીની મદદ
લઈને આપણે
‘ઈલેક્ટ્રીક મિક્સર’
કઈ રીતે વાપરવું
તે શીખીશું.


## ‘‘તારીખિયું’’

**Calendar** ને ગુજરાતીમાં તારીખિયું કહેવાય... ચાલો આજે મમ્મી/પપ્પાની મદદ લઈ ગુજરાતી કેલેન્ડરમાં નીચેની બાબતો જોતા શીખીશું.




- સુદ પક્ષ અને વદ પક્ષ એટલે શું ?
- પૂનમ કયાં પક્ષમાં અને કયારે આવે ?
- અમાસ કયાં પક્ષમાં અને કયારે આવે ?
- એકાદશી કેટલી હોય ? કયારે આવે ?
- વૃદ્ધિ તિથિ એટલે શું ?
- ક્રમવાર ગુજરાતી મહિનાના નામ જાણો.

## “સ્વામિનારાયણ હરે...”




આજે આપણે ‘સ્વામીની વાતો’નું
વાંચન કઈ રીતે કરવું ?
તેની રીત શીખીશું...
લીંક દબાવો અને રીત શીખો અને
રાત્રે મમ્મી-પપ્પા સામે રજૂ કરો.

https://bit.ly/34CysHY

## “Waste માંથી Best”

બાળમિત્રો, એક ખાલી બોટલને
કચરાપેટીમાં નાંખતા પહેલા એ
જોઈલો કે તેમાંથી પણ કેવું કેવું
બનાવી શકાય છે...!??
લીંક દબાવો અને શીખો.





https://bit.ly/34FyDT0

## “Beans Race”



આખો પરિવાર તૈયાર ? ચાલો,
જોઈએ આજની
રમતમાં કોણ જીતે છે...!?
લીંક દબાવો અને રમત શીખો.

https://bit.ly/2RCvqxX

# "I Love My India"

**Friends, આપણા ભારત દેશમાં કુલ કેટલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો છે તે જાણીશું અને તે નામ મોઢે કરીશું... આટલું તો આપણને ખબર જ હોવી જોઈએ...**




**નોંધ : જે બાળમિત્રો ભારત સિવાયના દેશમાં રહે છે... તેમણે પોતાના દેશમાં કેટલા States છે?.. તે જાણી તે નામ મોઢે કરવા.**

## “મને અલગ કરો”

હવે મજા આવશે...!! જોઈએ આ રમત કોણ રમી શકે છે ?
લીંક દબાવો અને રમત શીખો...



https://bit.ly/2Khn4rP

## “ખૂબ મોટી તક”







બાળમિત્રો, ‘Fun With Family’નું Title Page
તો આપ રોજ જુઓ છો... પણ હવે આપના માટે
એક ‘તક’ છે...!?! આપ પોતે તે
‘Title Page’ દોરીને અમને મોકલી આપો...
સૌ બાળકોમાંથી જેમના Title Pages સુંદર
રીતે દોરાયા હશે... તેને આગામી અંકમાં સ્થાન
આપવામાં આવશે... આમાં તમે તમારા પરિવારની
મદદ પણ લઈ શકો છો...

















# “Pramukh Swami Word Search”

શું તમારે પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્ય વિશે વિશેષ જાણકારી મેળવવી છે?... તો એક Special App. આપના માટે છે. લીંક દબાવો અને App. માણો...








https://bit.ly/2Vrdec0

## “V R 1”

બાળમિત્રો, આવતી કાલે પરિવારની એકતા દેખાડીશું... આવતીકાલે ઘરના બધા જ સભ્યો કોઈ એક જ કલરના કપડા પહેરીશું...




## My Guru, My Life



લીંક દબાવી એક સુંદર વીડીયો માણીશું...
અને પછી આપે એ કહેવાનું છે કે આ પ્રસંગમાંથી આપને
ગુરુહરિના કયા ગુણના દર્શન થયા ??...
પરિવારના સભ્યોને પણ પૂછો...

https://bit.ly/2RCUpl3





# ઈશ્વરની મરજી

રાજા અમરસેનના દરબારમાં અનેક લોકો પોતાની ફરિયાદ લઈને આવતા. રાજા સૌને ન્યાય આપતા. રાજાના દરબારમાં દાન-પુણ્ય પણ એટલાં જ થતાં. લોકો આવીને રાજા પાસેથી દાન મેળવતાં અને રાજાને આશીર્વાદ આપતા. આ દરબારમાં દેવદત્ત અને રામદત્ત નામના બે બ્રાહ્મણ અવારનવાર ભિક્ષા માટે આવતા.

દેવદત્ત કહે, 'દેવ-દિન્હામ.' અને રામદત્તનો અવાજ નીકળતો, 'રાજ-દિન્હામ.' દેવ-દિન્હામ એટલે 'રાજાના હાથે દેવ(ભગવાન) આપણને આપે છે.' જ્યારે

બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.

રાજ-દિન્હામ એટલે 'રાજાજી આપણને આપે છે.' મનોમન રાજાને પણ થતું, 'રામદત્ત સાચી વાત કરે છે, જો હું ન આપું તો દેવદત્તને ક્યાંથી મળવાનું'. આવું રોજ ચાલતું.

એક દિવસ રાજાને થયું કે દેવદત્તને પાઠ ભણાવવો જ પડશે જે રોજ મને 'દેવ-દિન્હામ' કહીને જતો રહે છે.

રાજાએ પ્રધાન પાસે બે પાકાં કોળાં મંગાવ્યાં. એક કોળામાંથી બધો જ ગર એટલે કે અંદરથી માવો કાઢી નાંખ્યો અને તેની અંદર હીરા-ઝવેરાત ભરી દેવામાં આવ્યાં. બીજું કોળું એમ જ રાખવામાં આવ્યું. બીજા દિવસે રામદત્ત અને દેવદત્ત ભિક્ષા માટે દરબારમાં આવ્યા. રાજાએ રામદત્તને હીરા-ઝવેરાત ભરેલું કોળું આપ્યું. અને દેવદત્તને બીજું પાકું કોળું આપ્યું. રાજાને મનમાં થયું, 'હવે દેવદત્તને ખબર પડી જશે કે મારી ઈચ્છા હોય, તો જ દાન મળે છે.'


બીજે દિવસે આદત અનુસાર રામદત્ત અને દેવદત્ત બંને ભિક્ષા માટે ફરીથી આવ્યા. રામદત્તને ભિક્ષા આપતાં રાજાએ પૂછ્યું, 'રામદત્ત, કાલે તને કોળું આપ્યું હતું તે કેવું લાગ્યું ?' રામદત્તે કહ્યું, 'અરે રાજાજી, કોળું એટલું મીઠું હતું અને મોટું હતું કે અમારા આખા પરિવારે પૂરા સંતોષથી ખાધું.' સાંભળતાં જ રાજાને આશ્ચર્ય સાથે ગુસ્સો આવ્યો. તેમણે રામદત્તને કરડાકીથી પૂછ્યું, 'રામદત્ત, તેં કોળાનું શું કર્યું ? સાચું કહે.' રામદત્તે બીતાં-બીતાં કહ્યું, 'મહારાજ, મારા ઘરે બે કોળાં પહેલેથી જ પડેલાં હતાં. તેથી તમે આપેલું કોળું મેં શાકભાજીવાળા શેઠને વેચીને એ પૈસાનો જરૂરી સામાન ખરીદ્યો.'

રામદત્તની વાત સાંભળતાં જ રાજાએ શેઠને બોલાવ્યા અને પૂછ્યું, 'રામદત્તે આપેલા કોળાનું તમે શું કર્યું ?' શેઠે જણાવ્યું, 'મહારાજ ! કોળું એટલું મોટું અને સરસ હતું કે મેં ઘરે પૂજા હોવાથી એ કોળું ઘરે મોકલાવ્યું. શેઠાણીએ તેનું શું કર્યું તે મારી જાણમાં નથી.' શેઠની વાત સાંભળી રાજાએ શેઠાણીને બોલાવ્યા અને કોળા વિશે માહિતી માગી. શેઠાણી રાજા સામે ગભરાતા અવાજે


બોલ્યાં, 'મહારાજ, મેં ઘરમાં પૂજા હોવાથી શેઠે મોકલાવેલું કોળું પૂજામાં મૂક્યું. પછી પૂજાની દરેક વસ્તુ સાથે કોળું પણ મેં દેવદત્ત નામનાં એક બ્રાહ્મણને આપી દીધું. એ બ્રાહ્મણ અહીં હાજર છે. તમે તેમને જ પૂછો.' વાત પૂરી થતાં જ રાજાનું અભિમાન ઓગળી ગયું. અને રાજાએ દેવદત્તને પૂછ્યું, 'શું શેઠાણીએ તમને કોળું આપેલું ?'

દેવદત્તે કહ્યું, 'હા, મહારાજ અને ચમત્કાર એ છે કે ઘરે જઈને કોળું કાપતાં જ તેમાંથી મૂલ્યવાન હીરા-ઝવેરાત નીકળ્યાં. મારું તો જીવન સુધરી ગયું. ભગવાન બધા આશીર્વાદ શેઠાણી પર વરસાવે. હું તમને આ વાત કહેવા જ અહીં આવેલો.' પછી રાજાએ રામદત્તને પણ બોલાવ્યો. અને કોળામાં હીરા - ઝવેરાત સંતાડવાનું આ કામ એમનું જ હતું, એવું વિગતે જણાવ્યું. રાજાએ ઊમેર્યું, 'હું દેવ-દિન્હામ' બોલતાં દેવદત્તને પાઠ ભણાવવા માગતો હતો, પણ ખરેખર તો ઈશ્વરની મરજી વગર માણસનું કાર્ય અધૂરું છે. રામદત્ત, આજથી તારે પણ 'રાજ-દિન્હામ' બોલવાનું નહીં.'

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**



# Giving Life to the Dead



Four brothers studied together at their guru's ashram. Pleased by their efforts, their guru taught them the secret of Sanjeevani Vidya – the magic of making the dead come to life.

After finishing their years of study at the ashram, the four Brahmins began their journey home. Along the way, the youngest brother noticed some bones lying under a tamarind tree.






He couldn't contain his curiosity. "Whose bones are these?" he wondered. As he looked at the bones, he remembered the Sanjeevani secret his guru had taught him. Excited, he began mumbling the magical mantras. The bones began to come together and form the skeleton of a lion.


**Friends, today you have to prepare this story and present it to the parents.**



His older brother warned him not to say the mantra, but he didn't listen. He could not resist. He said the second mantra. The skeleton became covered with flesh and skin.



The elder brother raced up the tree and yelled,



"Stop! The lion will kill us all!"

The third brother was so excited by his powers that he uttered the third mantra. Immediately the lion roared to life! And before they could even smile at their success, the lion pounced on them and killed all three brothers in one swipe.







All the brothers had the same knowledge. However, the three brothers did not use their knowledge for the right reasons and so they paid the price of death while the elder brother survived. We should be sure to use our knowledge only for good purposes and the benefit of others.

**Remember, you have to perform this story in front of Mom and Dad.**

FWF Challenge

# Fun Singing Winner

## બાળ



1st દેવ મિસ્ત્રી
- અમદાવાદ



2nd યોગેશ સોલંકી
- સુરત



3rd ભગવત્ વાઘેલા
- મુંબઈ



4th પાર્થ રૈયાણી
- રાજકોટ



5th મન પટેલ
- વડોદરા

## બાલિકા



1st નેહી સુહાગીયા
- અમદાવાદ



2nd અનેરી પિત્રોડા
- રાજકોટ



3rd નિષ્ઠા બ્રહ્મભટ્ટ
- વડોદરા



4th કાવ્યા રાઠોડ
- સુરત



5th વેદીકા ચોટલીયા
- મુંબઈ

સૌ બાળ-બાલિકા સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન... તેમના મધુર કંઠ દ્વારા ભવિષ્યમાં સંસ્થાની સારામાં સારી સેવા કરી સ્વામીશ્રીનો રાજીપો મેળવી શકે એ જ પ્રાર્થના.


















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/3cgDxbn



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org


BAPS

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ